# કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણો

| | | |
|---|---|---|
| ૧૫.૧ | વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો. | (૧) માન.મુખ્ય મંત્રીશ્રીના **"સ્વાગત"** કાર્યક્રમ હેઠળ દર માસના ચોથા ગુરુવારે યોજવામાં આવે છે જેમાં કોઈપણ નાગરીક માન.મુખ્ય મંત્રીશ્રીની કચેરીમાં તેમના કામ અંગે રજુઆત કરે તે રજુઆત વીડીયો કોન્ફરન્સ મારફતે સંબધિત જીલ્લા કલેકટરશ્રી ઓ સાથે ચર્ચા પરામર્શ કરી તેનો નિર્ણય લેવામાં આવે છે. |
| | | (૨) માન.મુખ્ય મંત્રીશ્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમ જીલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અઘ્યક્ષપણા હેઠળ દર માસના ચોથા ગુરુવારે રાખવામાં આવે છે.આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કોઈપણ નાગરિક તરફથી કોઈપણ ખાતા વિભાગને લગતી અરજી ૧૫ દિવસ પહેલા સંબધિત કચેરીને મોકલીને તેની નકલ કલેકટર કચેરીને મોકલવામાં આવે છે તે આધારે કલેકટર કચેરી તરફથી સંબધિત ખાતાનો અભિપ્રાય મેળવી જે તે અરજદારની હાજરીમાં તેની ફરીયાદ અંગે નિકાલ કરવામાં આવે છે. |
| | | (૩) દર માસે જીલ્લા સંકલન સમિતિની મીટીગ જીલ્લાના તમામ અધિકારીશ્રીઓ સાથે કલેકટરશ્રીના અઘ્યક્ષપણ હેઠળ રાખવામાં આવે છે તેમા જનતાના પ્રતિનિધિઓ માન.સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ તરફથી જનતાના પ્રશ્નોની રજુઆત કરવામા આવે છે અને તેનો નિર્ણય આ મીટીગમાં કરવામાં આવે છે. |
| | | (૪) તા.૧–૫–ર૦૦૪ ના રોજથી માન.મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે **" જન સેવા કેન્દ્ર"** શરૂ કરવામાં આવેલ છે જેમા જનતા તરફથી માર્કશીટ ,લીવીંગ સટીફીકેટ વિગેરેની ખરી નકલ દાખલાઓ, એફીડેવીટ જે તે દિવસે જ કરી આપવામાં આવે છે જેનો સારો એવો પ્રતિસાદ જનતા તરફથી મળેલ છે. |

***૧૫.ર વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમ હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો.***

૧. નાયબ કલેકટરશ્રી મ.ભ.યો.ધ્વારા જથ્થાની ફાળવણી,ગ્રાન્ટની ફાળવણી, કેન્દ્રોની તપાસણી તથા તાલુકા કક્ષાનું દેખરેખ અને નિયંત્રણ.

ર. તાલુકાના મામલતદારશ્રી ધ્વારા સંચાલકોને જથ્થાની/પેશગીની ફાળવણી અને નિયત્રંણ.